ઉરે સદા તવ સ્નેહભીની મંજરી મહેકી રહો, પૂર્ણ પ્રાપ્તિની સભરતામાં શેષ જીવન આ વહો...

**રાજ્યમાં વધુ ૧૨૨૦૬ નવા કેસ : ગાંધીનગરમાં ૩૨૩ : અમદાવાદમાં ૪૬૯૧**

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૪૦ | ૨૧ એપ્રિલ, ૨૦૨૧, બુધવાર; ચૈત્ર સુદ - ૯ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોના બેકાબૂ : નવા ૨,૫૯,૧૭૦ કેસ

## કોરોનાના કેસમાં સામાન્ય ઘટાડો, પણ મૃત્યુઆંક વધ્યો : દેશમાં ૧,૭૬૦ દર્દીઓએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યા, કુલ કોરોના કેસની સંખ્યા ૧,૫૩,૨૧,૦૮૯ થઈ ગઈ : ૧,૩૧,૦૮,૫૮૧ સાજા થયા

નવી દિલ્હી, તા. ૨૦

લાંબા સમય પછી એક આશાનું કિરણ દેખાયું છે. રવિવારે જે કેસ નોંધાયા હતા તેની સરખામણીમાં પાછલા ૨૪ કલાકમાં નોંધાયેલા કોરોનાના કેસમાં ઘટાડો નોંધાયો છે, પરંતુ ચિંતાનો વિષય મૃત્યુઆંક છે કારણ કે ગઈકાલે નોંધાયેલા મૃત્યુ કરતા આજે ૧૦૦ વધુ છે. આ સાથે ૨૪ કલાકમાં નોંધાયેલા મૃત્યુઆંકે પાછલા તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.

મંગળવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે રજૂ કરેલા આંકડા પ્રમાણે ભારતમાં ૨૪ કલાકમાં વધુ ૨,૫૯,૧૭૦ લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે અને ૧,૭૬૦ દર્દીઓએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે.

ભારતમાં વધુ ૨.૫૯ લાખ કોરોના કેસ સાથે કુલ કોરોના કેસની સંખ્યા ૧.૫૩,૨૧,૦૮૯ થઈ ગઈ છે. સતત કોરોનાના નવા કેસમાં વધારો થઈ રહ્યો છે તેના લીધે એક્ટિવ કેસનો આંકડો વધીને ૨૦,૩૧,૯૭૭ થઈ ગયો છે.

દેશમાં સોમવારે ૧,૫૪,૭૬૧ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થયા છે, આ સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧,૩૧,૦૮,૫૮૧ થઈ ગઈ છે. જે પ્રમાણે નવા પોઝિટિવ કેસ વધી રહ્યા છે તેની સાથે હવે ધીમે-ધીમે સાજા થતા દર્દીઓની સંખ્યામાં પણ વધારો નોંધાઈ રહ્યો છે.

ભારતમાં વધુ ૧,૭૬૧ દર્દીઓના કોરોનાના લીધે જીવ જવા સાથે કુલ મૃત્યુઆંક વધીને ૧,૮૦,૫૩૦ થઈ ગયો છે. ૧૪ એપ્રિલથી દેશમાં કોરોનાના કારણે ૧૦૦૦થી વધુ લોકોના ૨૪ કલાકમાં મોત થઈ રહ્યા છે. આજ રીતે ૧૫ એપ્રિલના રોજ કોરોનાના નવા પોઝિટિવ કેસનો આંકડો ૨ લાખને પાર ગયો હતો તે પછી રોજ ૨ લાખની ઉપર જ નોંધાયા છે. આઈસીએમઆર મુજબ દેશમાં ગઈકાલે કોરોનાની તપાસ માટે ૧૫,૧૯,૪૮૬ સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેની સાથે ૧૯ એપ્રિલ સુધીમાં ૨૬,૯૪, ૧૪,૦૩૫ લોકોના તપાસ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે. ભારતમાં કોરોના વાયરસને હરાવવા માટે કુલ ૧૨,૭૧, ૨૯,૧૧૩ કોરોના રસીના ડોઝ નાગરિકોને આપવામાં આવ્યા છે.

## લોકોની તબિયત અને અર્થતંત્રનું આરોગ્ય બન્ને જાળવવા જરૂરી છે, લોકડાઉન અંતિમ વિકલ્પ : નરેન્દ્ર મોદી

વધતા જતા કોરોનાના કેસો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાત્રે દેશવાસીઓને સંબોધન કરતાં લોકોની મદદ માંગી છે. તેમણે જણાવ્યુ હતુ કે લોકોએ એક થવુ પડશે. તમામ લોકો પોતાની યથાશક્તિ પ્રમાણે આગળ આવે અને લોકો અફવામાં ન આવે તેની કાળજી રાખવી પડશે. તેમણે કહ્યુ કે કોરોનાથી આ નવી લ્હેરનું જે તોફાન ઉઠ્યુ છે તેની સામે ધીરજ અને અનુશાસન જાળવી લડવાનું છે. ગમે તેવા કપરા સંજોગોમાં પણ યોગ્ય પ્રયાસ કરીશુ તો જ વિજય મેળવી શકીશુ.



વડાપ્રધાને કહ્યુ કે દેશને લોકડાઉનથી બચાવવા માટે લોકોએ જાગૃત થવુ પડશે એક થવુ પડશે. તેમણે કહ્યુ કે દેશની કોલ્ડ ચેઈન વ્યવસ્થા અનુરૂપ બે સ્વદેશી વેક્સીન આપણે તૈયાર કરી ચુક્યા છીએ અને રસીકરમાં ઝડપથી આગળ વધી રહ્યા છીએ. ૧લી મે થી રસીકરણમાં આપણે ૧૮ વર્ષથી ઉપરથી વયના લોકોને આવરી લેવાના છીએ. દેશમાં તૈયાર થતી રસીનો ૫૦ ટકા હિસ્સો રાજ્યો અને હોસ્પિટલોને ફાળવવામાં આવશે. તેમણે શ્રમિકોને પણ જ્યાં છો ત્યાં જ રહેવા અનુરોધ કરી જણાવ્યુ છે કે બધાનું જ રસીકરણ કરવામાં આવશે.

લોકડાઉન અંતિમ વિકલ્પ હોવાનું કહેતાં તેમણે રાજ્યોને પણ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના અસરકારક અમલીકરણ પર ભાર મુક્યો હતો તેમજ જરૂરી અને આવશ્યક ના હોય તો ઘરની બહાર ન જવા અપીલ કરી હતી. રસીકરણ થકી દેશના આરોગ્યને અને અર્થતંત્રને બચાવીશુ. સૌ સહયોગ આપે તે જરૂરી છે. વડાપ્રધાને કહ્યું કે પહેલીવાર કોરોના આવ્યો ત્યારે આપણી પાસે આંતર માળખાકીય સુવિધાઓ ન હતી હવે પી.પી.ઈ. કીટ સહિત ઘણી બધી દવાઓ અને તજજ્ઞ તબીબો તેમજ રસી ઉપલબ્ધ છે.

## ઉત્તર પ્રદેશમાં શનિ અને રવિવારે લોકડાઉન

નવી દિલ્હી, તા. ૨૦

કોરોના વાયરસના મહાસંકટ વચ્ચે ઉત્તર પ્રદેશમાં વીકેન્ડ લોકડાઉનની જાહેરાત કરી દેવામાં આવી છે. ઉત્તર પ્રદેશ સરકારના કહેવા પ્રમાણે હવેથી સંપૂર્ણ પ્રદેશમાં શનિવારે અને રવિવારે લોકડાઉન રહેશે. ઉપરાંત જે જિલ્લાઓમાં ૫૦૦થી વધારે એક્ટિવ કેસ છે ત્યાં નાઈટ કર્ફ્યુ લગાવવામાં આવશે.

વીકેન્ડ લોકડાઉન દરમિયાન ઉત્તર પ્રદેશમાં કારણ વગર બહાર નીકળવા પર મનાઈ રહેશે અને જરૂરી ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને જ બહાર નીકળવાની છૂટ આપવામાં આવશે. તે સિવાય કોરોના વેક્સિનેશન, મેડિકલ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને પણ છૂટ આપવામાં આવશે.

ઉત્તર પ્રદેશ સરકારે ગયા રવિવારે પણ પ્રદેશના અનેક જિલ્લામાં લોકડાઉન લાગુ કર્યું હતું. આ રવિવારે આશરે ૧૦ જેટલા જિલ્લાઓમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું જ્યારે હવે સમગ્ર પ્રદેશમાં શનિવારે અને રવિવારે લોકડાઉન રહેશે.

ઉત્તર પ્રદેશ સરકારે જરૂર ન હોય ત્યાં સુધી ઘરની બહાર ન નીકળવા માટે નિર્દેશ આપ્યો છે. સાથે જ પર્વો અને તહેવારો ઘરે રહીને ઉજવવા, સાર્વજનિક સ્થળે ભીડ ન કરવા અને બહાર નીકળે તો માસ્ક પહેરવા જણાવ્યું છે. અલાહાબાદ હાઈકોર્ટે થોડા દિવસ પહેલા રાજ્યના ૫ શહેરોમાં સંપૂર્ણ લોકડાઉનનો નિર્દેશ આપ્યો હતો.

## જે એન્ડ જેએ વેક્સિનના ત્રીજા ચરણના ટ્રાયલની મંજૂરી માગી

### ગત અઠવાડિયે કેન્દ્રના આવી રસી માટેની મંજૂરીઓને ફાસ્ટ ટ્રેક કરવાના નિર્ણય બાદ આ કંપનીએ અરજી કરી

નવી દિલ્હી, તા. ૨૦

મલ્ટિનેશનલ ફાર્મા કંપની જૉનસન એન્ડ જૉનસને ભારત સરકાર પાસે પોતાની કોરોનાની



સિંગલ ડોઝ વેક્સિનના ત્રીજા તબક્કાના ટ્રાયલ માટે મંજૂરી માંગી છે. કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, 'અમે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) ને આવેદનપત્ર પાઠવ્યું છે, જેથી સ્થાનિક નિયમોનું પાલન થાય તે માટે ભારતમાં અમારા સિંગલ-ડોઝ જાન્સેન કોવિડ-૧૯ રસી ઉમેદવારનો બ્રિજિંગ ક્લિનિકલ અભ્યાસ કરવા વિનંતી કરવામાં આવી છે.'

જે રસીને વિશ્વ આરોગ્ય સંગઠન અથવા યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ, બ્રિટન અથવા જાપાનના નિયમનકારો દ્વારા મંજૂરી મળી છે. ગત અઠવાડિયે ભારત સરકારે આ પ્રકારની રસી માટેની મંજૂરીઓને ફાસ્ટ ટ્રેક કરવાનો નિર્ણય કર્યા બાદ આ કંપનીએ આ અરજી કરી છે.

આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે આવી રસીઓને નવી ડ્રગ્સ અને ક્લિનિકલ ટ્રાયલ્સ રૂલ્સ ૨૦૧૯ની જોગવાઈ હેઠળ સ્થાનિક ક્લિનિકલ ટ્રાયલની જગ્યાએ સમાંતર બ્રિજિંગ ક્લિનિકલ ટ્રાયલની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને કટોકટી ઉપયોગની મંજૂરી આપવામાં આવશે. જૉનસન એન્ડ જૉનસની રસી એક જ ડોઝમાં આવે છે. જેને ૨ થી ૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં ત્રણ મહિના સુધી સ્ટોર કરી શકાય છે. આ સિવાય માઈનસ બે ડિગ્રી તાપમાન પર આ રસીને બે વર્ષ સુધી રાખી શકાય છે. ઉલ્લેખનીય છે કે આ વેક્સિનનો પ્રભાવ ૬૬ ટકાનો છે. જેના એક ડોઝની કિંમત ૮.૫ ડોલરથી લઈને ૧૦ ડોલર સુધી હોઈ શકે છે.

## મધ્ય પ્રદેશમાં ઓક્સિજન ખૂટતાં ૧૨ દર્દીનાં મોત, હૉસ્પિ.નો ઈન્કાર

### હોસ્પિટલ મેનેજમેન્ટનું કહેવું છે કે, સવારે થોડા સમય સુધી ઓક્સિજન સપ્લાઈમાં અડચણ આવી હતી, પરંતુ તેનાથી કોઈનું મોત નથી થયું

ભોપાલ,તા.૨૦

મધ્ય પ્રદેશમાં ઑક્સીજનની અછતથી હાહાકાર મચી ગયો છે. અહીં દરરોજ કોઈને કોઈ જિલ્લામાં આ કારણે મોતના સમાચાર મળી રહ્યા છે. ઑક્સીજને પહલે શહડોલમાં ૧૨ લોકોનાં મોતનો મામલો ઠંડો નથી પડ્યો ત્યારે ભોપાલમાંથી આવા જ સમાચાર પ્રાપ્ત થયા છે. પ્રાપ્ત વિગત પ્રમાણે મધ્ય પ્રદેશના પાટનગર ભોપાલની પીપલ્સ હૉસ્પિટલમાં ઑક્સીજનના અભાવે ૧૦-૧૨ દર્દીનાં મોત થયા છે. જે બાદમાં હાહાકાર મચી ગયો હતો. જોકે, હૉસ્પિટલના તંત્રએ આવું કંઈ બન્યાનો ઈક્નાર કર્યો છે. હૉસ્પિટલ મેનેજમેન્ટનું કહેવું છે કે, સવારે થોડા સમય સુધી ઑક્સીજન સપ્લાઈમાં અડચણ આવી હતી, પરંતુ તેનાથી કોઈનું મોત નથી થયું. એવું કહેવામાં આવી રહ્યું છે કે પીપલ્સ હૉસ્પિટલમાં છેલ્લા ઘણા દિવસોથી દર્દીઓના સગાઓ ઑક્સીજનની અછત અંગે ફરિયાદ કરતા હતા. હૉસ્પિટલનો સ્ટાફ પહેલાથી જ આવું કહીને દર્દીઓને દાખલ કરતા હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે હૉસ્પિટલમાં ગત દિવસોમાં સાગર નિવાસી રમાકાંત તિવારીનું પણ નિધન થયું હતું. હૉસ્પિટલમાં પુરતા જથ્થામાં ઑક્સીજન ન હોવાથી સવારે અથવા મોડી રાત્રે ઑક્સીજન ખૂટી જતો હતો. કહેવામાં આવી રહ્યું છે કે પીપલ્સ કોવિડ હૉસ્પિટલમાં સોમવારે સવારે ઑક્સીજનનો પુરવઠો બાધિત થવાને પગલે ૧૦-૧૨ દર્દીનાં મોત થઈ ગયા હતા. બીજી તરફ હૉસ્પિટલે દાવો કર્યો છે કે વધારે તબીયત ખરાબ થવાને કારણે દર્દીનાં મોત થયા છે. ઓક્સૉજનનો પુરવઠો વધારે કે ઓછો રહેતો હોય છે. બે દિવસ પહેલા પણ શહડોલમાં ઑક્સીજનની અછતને પગલે ૧૨ કોવિડ દર્દીઓનાં મોત થયા હતા. આ ઘટના શહડોલ મેડિકલ કૉલેજમાં થયા હતા. આ ૧૨ મોતની પુષ્ટિ શહડોલના અપર કલેક્ટર અર્પિત વર્માએ કરી હતી. પ્રાપ્ત વિગત પ્રમાણે, ઑક્સીજનનું દબાણ શનિવારે રાત્રે ૧૨ વાગ્યે અચાનક ઓછું થઈ ગયું હતું. જે બાદમાં દર્દીઓ તડપવા લાગ્યા હતા. પરિવારના લોકો માસ્ક દબાવીને તેમને રાહત આપી રહ્યા હતા, પરંતુ તમામ પ્રયાસો વ્યર્થ રહ્યા હતા. સવારે છ વાગ્યા સુધી પરિસ્થિતિ કાબૂમાં આવી ન હતી, અને ૧૨ લોકોનાં મોત થઈ ગયા હતા. જે બાદમાં આઈસીયૂમાં દાખલ આ દર્દીઓના પરિવારજનોમાં અફડાતફડી મચી ગઈ હતી. આ પહેલા ભોપાલ, સાગર, જબલપુર, ઉજ્જૈનમાં ઑક્સીજનની અછતને પગલે દર્દીઓનાં મોતના સમાચાર આવી ચૂક્યા છે.

## રસીને ઓપન માર્કેટમાં વેચવાની ક્વાયત, ૧૦% કસ્ટમ ડ્યૂટી માફ

નવી દિલ્હી, તા. ૨૦

દેશમાં કોરોનાના હાહાકાર વચ્ચે રસીકરણ અભિયાનને વેગ આપવા માટે કેન્દ્ર સરકારે વિદેશી રસીઓને ધડાધડ મંજૂરી આપવા માંડી છે અને સાથે સાથે બીજો એક મહત્વનો નિર્ણય પણ કર્યો છે.

સરકારે ભારતમાં આયાત થનારી વિદેશી રસી પરની કસ્ટમ ડ્યુટી માફ કરી દીધી છે. આમ તો આ રસી પર ૧૦ ટકા કસ્ટમ ડ્યુટી હતી પણ વિદેશી રસી લોકોને સસ્તી મળી શકે તે માટે આ ડ્યુટી નહીં લેવાનુ સરકારે નક્કી કર્યુ છે.

સાથે સાથે ખાનગી કંપનીઓને પણ વિદેશથી રસી આયાત કરવાની મંજૂરી આપવા માટે સરકારે વિચારણા હાથ ધરી છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળી તો દેશના માર્કેટમાં રસીના પૂરતા ડોઝ ઉપલબ્ધ થશે.

આ પહેલા રશિયન રસી સ્પુતનિકને સરકાર મંજૂરી આપી ચુકી છે. બહુ જલ્દી ભારતમાં આ રસીનુ આગમન થઈ શકે છે. આ સિવાય ફાઈઝર, મોર્ડના અને જોન્સન એન્ડ જોન્સનની રસી પણ ભારતના બજારમાં જલ્દી આવી શકે છે. એક અધિકારીએ નામ નહીં આપવાની શરતે કહ્યુ હતુ કે, ખાનગી કંપનીઓને પણ સરકાર રસીની આયાત કરવા મંજૂરી આપી શકે છે. જેના કારણે ઓપન માર્કેટમાં રસી વેચવાનુ પણ શક્ય બનશે. જેમાં સરકારની કોઈ દખલ નહીં હોય. કંપનીઓને વેક્સીનના ભાવ નક્કી કરવાની છુટ અપાશે.

## મુખ્ય ચૂંટણી અધિકારી અને ઈલેક્શન કમિશનર પોઝિટિવ

નવી દિલ્હી, તા. ૨૦

દેશમાં કોરોના બેકાબૂ બની ગયો છે તથા મુખ્ય ચૂંટણી અધિકારી સુશીલ ચંદ્રા અને ઈલેક્શન કમિશ્નર રાજીવ કુમાર પણ તેની લપેટમાં આવી ગયા છે. ચૂંટણી પંચના બે ટોચના અધિકારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા ભારે હડકંપ મચી ગયો છે. સુનીલ અરોડાની વિદાય બાદ સુશીલ ચંદ્રાને મુખ્ય ચૂંટણી અધિકારી બનાવવામાં આવ્યા છે. દેશમાં કોરોનાનો ગ્રાફ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨,૫૯,૧૭૦ નવા કેસ સામે આવ્યા બાદ કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧,૫૩,૨૧,૦૮૯ થઈ ગઈ છે. ૧૭૬૧ તાજેતરના મોતની સાથે કુલ મૃતકઆંક ૧,૮૦,૫૩૦ થઈ ગયો છે. દેશમાં સક્રિય કેસની કુલ સંખ્યા ૨૦,૩૧,૯૭૭ છે અને ડિસ્ચાર્જ થયેલા કેસની કુલ સંખ્યા ૧,૩૧,૦૮,૫૮૨ છે. હવેથી ૧૮ વર્ષ કરતા વધારે ઉંમર ધરાવતા તમામ લોકો માટે કોરોના વેક્સિનેશનનો રસ્તો સાફ થઈ ગયો છે.

### ટેલિફોનીક બેસણું



મારા પુત્ર

**ડો. દર્શન દિપકકુમાર શાહનું** તા. ૧૮-૪-૨૦૨૧ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેની આત્માને પરમ શાંતિ આપે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું તા. ૨૨-૪-૨૦૨૧ને ગુરુવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે રાખેલ છે.

દિપકકુમાર એચ. શાહ (મો. : ૯૪૨૮૫૯૭૯૮૭)
જનરલ મેનેજર, ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ.
૮૭/૨, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર

### ટેલિફોનિક બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **ચેલાભાઈ જીવાભાઈ પટેલ** (ચૌધરી)(નિવૃત્ત વિસ્તરણ અધિકારી) (ગામ.ગિયોડ) તા.૧૯/૪/૨૦૨૧ને રવિવારના રોજ અક્ષર નિવાસી થયેલ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનને ગમ્યું તે ખરું.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ટેલિફોનિક બેસણું તા.૨૨/૪/૨૦૨૧ને ગુરૂવારે સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.

ગં.સ્વ.પટેલ ચંચળબેન ચેલાભાઈ (પત્ની)
પટેલ અરવિંદભાઈ ચેલાભાઈ (પુત્ર) (૯૪૨૮૦ ૫૦૩૫૨)
પટેલ ગીતાબેન અરવિંદકુમાર (પુત્રવધુ) (૯૫૮૬૩૩૬૯૯૭)
પટેલ રમીલાબેન ચેલાભાઈ (પુત્રી) (૯૪૨૭૬૨૫૦૯૬)
પટેલ દિનેશકુમાર બાલાભાઈ (જમાઈ) (૮૫૧૧૩૩૧૪૫૫)
(કાવ્યા, હિત, ધરા, ઉત્સવ)
સરનામું:- પ્લોટ નં.૨૯૯/૨, સેક્ટર-૩ બી, ગાંધીનગર




